સ્વામી ભક્ત સામન્ત યાને

વીર દુર્ગાદાસ

નાટકનાં ગાયનો.

—: રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર :—

વિઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા.

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક.

હાલ મુકામ:-સ્ટેશનરોડ પ્રિન્સેસ થીએટર-સુરત.

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એ. પી પ્રેસમાં

મુળશંકર નરભેરામ વ્યાસે છાપ્યું ઠે. ખપાટીઆ ચકલા-સુરત.

આવૃત્તિ ૮ મી પ્રત ૩૦૦૦] [સંવત ૧૯૭૬ સને ૧૯૧૯

કિંમત ૦-૩-૦

નામદાર મુંબાઈ સરકારની

ગવર્નમેંટ લેબોરેટરીમાં વિદ્વાન સરકારી ડાક્ટરે અમાની બનાવેલી **બાદશાહી યાકુતી અનંગ વિલાસની** ગોળીઓ એનાલાઈઝ કરીને તેમાં કોઈપણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતમાં ફેમસ થયેલા મોટા ડાકટરો રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને અંગ્રેજ ગૃહસ્થો મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે. **બાદશાહી યાકુતી.**

અનંગ વિલાસ

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવીકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી, ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ ૧૦

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે. અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આંઉસ એકની ડબીના રૂપીઆ આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાક્ટર કાળીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

સ્વામિ ભક્ત સામાન્ત
યાને
વીર દુર્ગાદાસ
નામક નાટકનો
પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર.

મંગલા ચરણ—પ્રભુપ્રાર્થના બ૰ બાળાઓ દ્વારા નાટ્યવસ્તુ વિવેચન

અંક ૧ લો.

પ્ર ૧—કાબુલમાં જસવન્તસિંહ મહારાજનો રાજમહેલ. જોધપુર નરેશ જશવન્તસીંહનો સ્વપ્ન સામ્રાજ્યમાં વિહાર, અને રાણી મહામાયાના પતિ પુત્રના મંગલ માટેના મનોદ્ગાર. જાસુસ દ્વારા કુમાર પૃથ્વીસીંહના પરલોકયાત્રાના મળેલા સમાચાર અને તેથી હૃદય બંધ પડતા રાજા જશવતસીંહનો સ્વર્ગપંથે સંચાર. ગર્ભ માટે ઉદર ચીરી સ્વામી સાથે સહગમન કરવા ઇચ્છતી મહામાયાનો જશવન્તસિંહને મરૂભૂમિની કેટલીક રાજદ્વારી બાબતોની સુચનાઓ કરવા આવેલી યોગિશ્વરીથી પ્રતિબંધ. રાઠોડ વીર દુર્ગાદાસની દૈવી સ્વામી ભક્તની શરૂઆત—અને ધસી આવેલા બંડખોર પ્રત્યે યોગિશ્વરીના યોગબળથી થએલો પ્રત્યાઘાત. ટેબ્લો.

પ્ર ૨— દીલ્હીમાં ચંદ્રસીંહ પુરિહારનો શહેર બહારનો પ્રમોદઉદ્યાન. યૌવનના વનમાં વિચરતી પુરિહાર પુત્રી સરલાના યૌવનાગમનોદ્‌ગાર. અને તેની સમવયસ્કી સહચરિઓને શાબ્દિક શૃંગાર વિહાર. બાહ રાઠોડો પ્રત્યે અતિવૈરાગ્નિમાં પ્રજળતા પુરિહારના પ્રાપંચિક ઉદ્‌ગાર અતિથી તરીકે રહેલા સમરસીંહને સપડાવવાનો ચંદ્રસીંહને ચંદ્રીકાનો નિરધાર. સમરસીંહનું આગમન, ચંદ્રસીંહનું કુટિલ કારસ્થાન; સરલાની સમયસૂચકતાથી સમરસીંહનું સંકટ છેદન—અને સમર—સરલા વચ્ચે વિમળ સ્નેહબંધન.

પ્ર ૩-ચંદ્રસીંહના મહાલયનો એક ખંડ પોતાના પ્યારમાં નંદન પ્રત્યે નંદાના પ્રણુયોદ્‌ગાર—અને નંદાના રૂપ રંગ પર રાચી રહેલા વંદનના હવાઇ વિચાર. નંદા પાસે પ્રેમયાચના—અને પરિણામે આવી પડતી યાતના.

પ્ર ૪ મોગલસમ્રાટ આલમગીરનું સભાભુવન જોધપુરના પાટવીકુમાર પૃથ્વીસીંહના ઝેરી પોશાકથી થયેલા પરલોકવાસ સબંધી પ્રપંચમુર્તિ આલમગીર તથા ચંદ્રસિંહ સાથે દેવમુર્તિ દુર્ગાદાસ તથા સમરસિંહનું માર્મિક ભાષામાં વિવેચન રાણી મહામાયા તથા બાળકુમાર અજીતસિંહને સ્વાધિન કરવા માટે મોગલસમ્રાટની માગણી—અને તે સામે પોતાના માલીકની સ્વતંત્રતા સાચવી રાખવાની દુર્ગાદાસની દારૂણ દ્રઢ લાગણી દુર્ગાદાસને કેદ પકડવાનો

આલમગીરનો ઠરાવ–પણ અગાઉથી ગોઠવી રાખેલી યંત્રણા મુજબ સમરસિંહથી દુર્ગાદાસનો બચાવ. ટેબ્લો.

પ્ર ૫ રાઠોડ સરદાર દુર્ગાદાસની સ્વશિબિર પોતાના પ્યાસ પુત્ર દિલીપસિંહ પ્રત્યે દુર્ગાવતીના માતૃ વાત્સલ્યતામય મનોદ્‌ગાર અને પરણામાંથીજ પુત્રને પ્રચંડ વીરમુર્તિ રાષ્ટભક્ત બનાવવાના વીર દુર્ગાદાસના વિરોચિત વિચાર દંપતિએ પોતાના બાળરાજાના બચાવ માટે સ્વસંતાનની પ્રાણાહુતિ આપવાનો કરેલો નિરાધાર, મરૂભુમિની દુઃખદાયક દશા દેખી આવેલા સમરસિંહના કરૂણ ઉદ્‌ગાર, દેશના કલ્યાણ માટે દેહોત્સર્ગ કરવાનો સર્વેનો દ્રઢ નિશ્ચય અને સમરાગણમાં સંચાર,

પ્ર ૬—ચંદાનું મકાન નંદાના પ્યારમાં નાસીપાસ નીવડેલા વંદનના અંગેઅંગમાં ઈશકનું થતું કળતર અને ચંદન–ચંદાના સુખી સંસારમાં ગમખ્વાર વંદનનું નડતર

પ્ર ૭—રાઠોડ સૈન્ય શીબિર (જહરવ્રત) રાઠોડ રમણીઓને કેશરીયા કરવાની યોગીશ્વરીની આજ્ઞા, અને જાતિ ધર્મ જાળવવા માટે જહર વ્રત ઉજવવાની દુર્ગાવતિની પ્રતિજ્ઞા, વીર સ્વામી ભક્ત સામંત દુર્ગાદાસ પોતાના નોકર ધીરૂને મહારી બનાવી કરંડિયામાં કુમાર અજીતસીંહને છુપાવી, અજીતની જગાએ પોતાના પુત્ર દિલીપને સુવાડી રાણી મહામાયાને મહારી

સ્વાંગ સજાવી અરવલ્લીની ગુપ્ત ખીણો તરફ રવાના કરે છે. બાદ ચંદ્રસિંહ પુરિહાર સાથે સમ્રાટ આલમગીર અસંખ્ય સૈન્ય સાથે આવી લાગે છે અને ભીષણ સમરાનલ જાગે છે. રાજપુતોનાં વીરોચિત કેસરિયાં અને રાજપુત રમણીઓનું વિલક્ષણ જહરવ્રત. ટેબ્લો.

અંક ૨ જો.

પ્ર. ૧—નિબિડ અરણ્ય. રાઠોડોએ કરેલાં કેસરિયાં વખતે લાગ જોઇને દુર્ગાદાસના પુત્ર દિલીપસિંહને અજીતસીંહ સમજી ઉઠાવી લઇ નાસી નીકળેલા ચંદ્રસિંહ પુરિહાર પાસેથી વીર નારી દુર્ગાવતી પોતના પુત્ર પાછો લઈ લે છે—પરંતુ ચંદ્રસીંહની સ્હાયે દિલેરખાન આવી લાગી દિલીપને દુર્ગાવતીના હાથમાંથી ઝુંટવી લે છે. બાદ દિલેરખાન સાથે દિલીપને અજીતસીંહ માની દીલ્હી મોકલે છે અને દુર્ગાવતી પર ચંદ્રસીંહ પ્યારની માગણી સાથે ચાબુકના મારથી જુલમ ગુજારે છે. દરમ્યાન સમરસીંહ આવી લાગતાં પુરિહાર પલાયન થાય છે અને દિયર ભોજાઇ દુર્ગાદાસ વગેરેની શોધમાં જાય છે.

પ્ર ૨—અરવલ્લીનું અરણ્ય. કુમાર અજીતસિંહને આશ્રમમાં મુકી નિશ્ચીત થએલી મહામાયા ધીરસીંહને

દુર્ગાદાસની માતાની મદદે મોકલે છે. બાદ પોતાના બાળ-રાજાનો ક્યાંય પતો ન મળવાથી આકુળ વ્યાકુળ બનેલો દુર્ગાદાસ ત્યાં આવી લાગતાં યોગીશ્વરી તેને સર્વ ખુલાસો કરી શત્રુ અનુચરોથી સાવધ રહેવા સુચવે છે, દુર્ગાદાસ યોગીનીને પેટી સોંપે છે દરમ્યાન બાદશાહ આલમગીર ગુપ્ત રૂપે પ્રવેશે છે અને મહામાયા તથા આલમગીર વચ્ચે વિષમ વિતંડાવાદ થાયછે. બાદશાહ મહામાયાને કેદ પકડવા જતાં દુર્ગાદાસની સમયસુચકતાથી ડરી જઈ પોતેજ પલાયન થઈ જાય છે.

પ્ર. ૩—ચંદ્રસિંહ પુરિહારનો મહેલ. એક તરફથી રાઠોડપર નવું જુનું વેરવાળી મરૂભુમિ સ્વાધીન કરી મોગલ સત્તાને પણ ખત્તા ખવરાવવાની પૈશાચિક રાજ્યલોભની વાસનાવાળો પુરિહાર પોતાની પુત્રી મોગલ સેનાપતિ દિલેરખાન સાથે પરણાવવા તઇયારી કરે છે. દરમ્યાન નંદાની ચાલાકીથી સમરસીંહ આવી લાગી સરલાને લઈ જાય છે અને કુત્રિમ સરલા (નંદા) સાથે હસ્તમેળાપ થતાં પહેલા નંદન આવી સરલા પલાયન થવાના સમાચાર આપતાં સર્વે અજાયબીમાં ઉતરી જાય છે. અને દિલેરખાન સમર સરલાને પકડી પાડવા સૈન્ય સાથે રવાના થાય છે, ટેબ્લો.

પ્ર. ૪—ચંદાનું મકાન. ચંદા ઉપર આફરીન થઈ પડેલા વંદનનું વિલક્ષણ કાવત્રું અને નિર્દોષ ચંદનની કમબખ્તી.

પ્ર. ૫—અરવલ્લી નજીકનું અરણ્ય. દશાના દારૂણ તંત્ર નીચે દબાયલા દુર્ગાદાસના ઉદ્ગાર. સમર સરલાની શોધ માટે રાંકડી રૈયતપર દિલેરખાનનો બળાત્કાર, દુર્ગાદાસનું મારૂ પ્રજાની મદદે આગમન દિલેરખાન પલાયન. મારૂ પ્રજાની દુર્ગાદાસને આશીષ અને દુર્ગાદાસનો પ્રજાને દિલાસો ધીરૂં દ્વારા માજીના મરણ સમાચાર–આંતરિક પરિતાપ–માતા અને માતૃભુમી બન્નેનું રૂણ વાળવાની દુર્ગાદાસની પ્રચંડ પ્રતિજ્ઞા તથા સરલા દુર્ગાવતિને દીલીપની મુક્તિ માટે દીલ્હી જવાની આજ્ઞા ભાઇના આદેશ મુજબ સમરસીંહનું જોધપુર તરફ રવાના થવું.

પ્ર. ૬—ચંદાનું મકાન. ચંદાને ફસાવવા જતાં ચક્કર ખાઇ ગએલા વંદનની કમબખ્તી.

પ્ર. ૭—શહેનશાહ આલમગીરનો ગુપ્ત આવાસ આલમગીર ચંદ્રસીંહ ચંદ્રીકાને અજીતસીંહના રક્ષણ કાર્યની ભલામણ કરી ચાલ્યો જાય છે. દુર્ગાવતી અને સરલા દાખલ થાય છે. દલીપને પારણામાંથી ઉઠાવી લેછે. બાદ દુર્ગાદાસ આવી દીલેરખાનને મારી માતાનો બદલો લેછે. સ્વામીના આદેશ મુજબ દુર્ગાવતી સરલા અને દીલીપ સાથે રવાના થાય છે. બાદશાહ વગેરે આવી લાગતાં દુર્ગાદાસ જેલ પકડાયછે. ટેબ્લો.

અંક ૩ જો.

પ્ર. ૧—અરવલ્લી નજીકનો અરણ્ય પ્રદેશ. દિલ્હીમાંથી દિલીપને લઈ આવેલાં દુર્ગાવતી તથા સરલાને રાણી મહામાયા આવી મળતાં દીલીપ રાણીજીને સ્વાધીન કરી સમરસીંહને બંધુની કુમકે આવવાનું જણાવી દુર્ગાવતી પોતાના પ્રાણેશને બંધન મુક્ત કરવા પુનઃદીલ્હી તરફ રવાના થાયછે. બાદ સરલાને અચાનક પોતાના પ્રિયતમ સાથે મેળાપ થતાં તેના મુખેથી ભાઈને કેદ થએલો સાંભળી સમરસિંહ પણ દુર્ગાદાસની મદદ માટે દીલ્હી જાય છે.

પ્ર. ૨—દીલ્હીમાં મોગલ સલ્તનતનું જેલખાનું. જેલખાનામાં ચંદ્રિકાનો દુર્ગાદાસ પ્રત્યે પૈશાચિક પ્યાર—દુર્ગાદાસનો તેના પ્રત્યે ધીટકાર—મોગલ સેનાપતિના સ્વાંગમાં આવી દુર્ગાવતીએ સ્વામીની કરેલી વિલક્ષણ વ્હાર—અને જનાનખાનાને માર્ગેથી નાશી જતાં રંગમહેલને લગાડેલો અંગાર-બાશાહ આલમગીર સામે દુર્ગાદાસના વિરોચિત ઉદ્દગાર કિલ્લાના કાંગરાપર થઇને સમરસીંહનું જેલખાનામાં આગમન—અને બહાદુરી ભેર બન્ને વીરોએ કરેલું પલાયન.

પ્ર. ૩—નંદા માટે મુકરર થએલો ચંદ્રસિંહના મહેલનો એક ખંડ. ચંદાપર ચાલાકી ચલાવવા જતા ચક્કર ખાઇ ગએલા વંદનની નિરાશા અને નંદા-નંદનનો હસ્તમેળાપ

પ્ર. ૪–અરવલ્લીમાં અજીતસીંહનો આશ્રમ. સમવયસ્ક છોકરાઓ સાથે તેજસ્વી ક્ષત્રી મુર્તિ અજીતસીંહ તથા દીલીપસીંહ વીરોચીત રમતગમતમાં ગુલતાન, ભીલ્લબાળાના મેણાને લીધે અજીતસીંહને પોતાની પુર્વસ્થિતિનું થએલું ભાન અજીતસીંહનો આંતરીક ખેદ-અને તેને પકડવા આવેલા ચંદ્રસીંહ સાથે દ્વંદ યુદ્ધ થતાં દુર્ગાદાસ આવી લાગતાં પુરીહાર, દુર્ગાદાસના હાથે કેદ.

પ્ર. ૫–જોધપુરનો કીલ્લો. જોધપુરને ઘેરો ઘાલીને મોગલ સૈન્યનો પડાવ, બાદશાહ આલગગીર મુખ્ય સેનાપતીને સાવચેત રહેવાની સુચના આપી ગુપ્ત તપાસ માટે જાય છે. શોખીન સેનાપતિ સ્વસત્તાના બળમાં પોતાને નીર્ભયમાની રંગરાગ અને ગાનતાનમાં ગુલતાન થાય છે. સમરસીંહ સાથે નંદન ઉસ્તાદ અને સરલા તથા નંદા નાયકાયો વેશે છાવણીમાં દાખલ થાય છે. અને નાયકા દ્વારા સર્વને ગાનતાનમાં ભાન ભુલવી યુદ્ધ માટે તૈયાર થાય છે. દરમ્યાન છુપી તપાસ માટે ગએલો બાદશાહ પાછો આવીને છાવણીની આ સ્થીતી જોઈ ઉશ્કેરાય છે સર્વ મંડળને કેદ પકડવા જતા અમરસિંહ વગેરે ખુલ્લાં થાય છે. દુર્ગાદાસ પણ દાખલ થાય છે. પ્રચંડ સમરાંગણ જાગતાં મદમસ્ત મોગલ સમ્રાટ એક નરવીર સ્વામી ભકત સામન્તથી મહાત થાય છે ને બને વચ્ચે સલાહ થાય છે. ટેબલો.

પ્રવેશ ૬—ચંદાનો અવાસ. નંદા પોતાના પુત્ર નંદન સાથે પરણી ચુકવાથી તેની આશા મુકી દઇ છેલ્લીવાર ચંદાને ફસાવવા વંદનલાલ કાવકરૂં કરે છે, પણ તેમાં પોતેજ ફસાય છે અને પરીણામે કંટાળી જઇ પવીત્ર જીવન ગાળવાને પ્રતીજ્ઞાબદ્ધ થાય છે.

પ્રવેશ ૭—જોધપુરનું ભવ્ય રાજદરબાર ચંદ્રસીંહને માફી અજીતસીંહને રાજ્યારોહણ, લોખંડી પેટીનું વીવરણ, દુર્ગાદાસે પોતાને પ્રાપ્ત થવી અખુટ દોલતનું પોતાના નવા રાજાને કરેલું સમર્પણ યોગીશ્વરીનો પુર્વ પરીચય, તેણીના આ દેશથી સમર સરલાના હસ્તમેળાપ અને સમ્રાટ આલમગીરના હસ્તથી અજીતસીંહને તાજ પહેરાવવાની પવીત્ર ક્રીયા સાથે "સ્વામી ભકત સામન્ત"ની સાત્વીક ભકતી રૂપી દેવી શક્તીથી અલ્પકાલીન પીડાઓ ભોગવતી મરૂભુમીને અનુપમ સ્વર્ગીય આનંદ સમર્પવા સાથે અમારા "સ્વામી ભકત સામન્ત"નું જીવન કર્તવ્ય અને અમારો આ નાટ્ય પ્રયોગ ઉભય એકી સાથે સ્વયંભૂની દયાથી સમાપ્ત થાય છે.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

" સ્વામી ભક્ત સામન્ત "
યાને
વીર દુર્ગાદાસ.
નાટકનાં પાત્ર પરિચય.
પુરૂષ પાત્રો.

જસવન્તસીંહ............જોધપુરના મહારાજા.
અજીતસીંહ............મહારાજા જશવંતસીંહનો બાલકુમાર
દુર્ગાદાસ..................જશવંતસીંહનો પરમ પ્રીય સરદાર.
અમરસિંહ.... ....દુર્ગાદાસનો બંધુ
દીલીપસિંહ.............દુર્ગાદાસનો પુત્ર
ધીરસીંહ (ધીરૂ)....દુર્ગાદાસનો વફાદાર નોકર.
ચંદ્રસિંહ................રાઠોડ જાતીનો કટો શત્રુ, એક પુરીહાર, દીલ્હીની શહેનશાહતનો એક સરદાર, સમ્રાટ આલમગીરનો માનેલો વફાદાર.
આલમગીર........(ઔરંગજેબ) જગપ્રસીદ્ધ દિલ્લીનો મોગલ સમ્રાટ.
દીલેરખાન..........મોગલ સેનાધીપતી
ચંદન..................એક પઢીઆર
વંદન..................ચંદ્રસીંહનો પઢીઆર નોકર.
નંદન..................વંદનનો પુત્ર.

સ્ત્રી પાત્રો.

રાણી મહામાયા—જશવંતસિંહની રાણી, મરૂભુમિની માનવંતી મહારાણી; અજીતસિંહની જન્મદાતા માતા

દુર્ગાવતી—"સ્વામી ભક્ત સામન્ત" દુર્ગાદાસની દૈવી ગુણવાળી પત્નિ.

યોગેશ્વરી—જશવન્તસિંહના પરમપ્રિય સ્વર્ગસ્થ સરદાર નાહરસિંહની 'નિરૂપમા' કન્યા; દેશ સેવાર્થે યોગ સાધના સાથે તત્પર રહી દુર્ગાદાસ વગેરેને દૈવી સહાય દેનારી પ્રચંડ પ્રભાવશાળી પરમેશ્વરી.

સરલાદેવી—ચંદ્રસિંહ પુરિહારની પુત્રી. સમરસિંહની સ્નેહ શ્યામિની.

ચંદ્રિકા—ચંદ્રસિંહ પુરિહારની અસ્થિર હૃદયની પત્નિ. સરલાની અપર માતા.

નંદા—સરલાદેવીની સાથે ચંદ્રિકાની દેખરેખ નીચે ઉછરેલી પઢીઆર જાતની એક અનાથ કન્યા અને નંદનની પ્રણયિની

ચંદા—નંદાની સગી બ્હેન અને ચંદનની પ્રિયા.

એ ઉપરાંત દાસ દાસીઓ, સાહેલીઓ, અન્ય સ્ત્રીઓ અને ભીલ્લ કન્યા વગેરે.

॥ ॐ श्री हरि ॥

સ્વામિ ભક્ત સામન્ત.

યાને

વીર દુર્ગાદાસ.

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

પ્રારંભ પ્રાર્થના.

મંગળાચરણ— ૧

વંદુ વિશ્વરામ ,
શરણ ગ્રહું શુભ શાન્તિ આપ
ધ્રુવ ધર ધરણી ધરા વંદુ૦
વિમળ મતિ ગતિ પ્રબળ કૃતિ દે,
વિજય કાર્ય કરવા વંદુ૦

બાગબાગ્યો— ૨

જપે સ્વામી પુરા પ્યારે,
સુભાગી તે તરે તારે,
બલિહારી એવા જન અવનિમાં અવતરે,
સ્વામી ભક્તિ છે સારી સુખકારી સંસારે;
કોમલ કુસુમ ક્યારી
તેવી વીરયશ ક્યારી
વીરજન જગ ઉદ્ધારે ઉગારે સુધારે. જપે.

મહામાયા— ૩

પતિ ના શાન્ત થાય
સુત શોકથી સ્વામીની સ્થિતિ
વીષમ અતી થાય પતી૦
વીદારો વીપત્તી પતી પુત્ર ઉપરથી
વીનવું વીભુજી કરો સ્હાય પતી૦

સરલા— ૪

યૌવનના રંગે રંગાતા આ નેન
અંગે અનંગનું ઘેન યૌવન૦
કળી કુસુમની ખીલી ગુલાબી
અલી સતાવે દીન રેન યૌવન૦
મીઠી મુરતીએ દીઠી દીવાની
થઈ છું ન આવે મન ચેન યૌવન૦

સરલા અને સખીઓ—૫

સખી વર્ગ—શરમથી શીદ સુકાઇ મરે ?
શાણી સરલા રોષ કરે કાં ?
પધારતાં પ્રીયતમ પ્રીતિના પાઠ પુરા પઢજે શરમથી.
સરલા—વૃથા વેણુ શાં વદો વેવલી વળી વળી વાદ કરે
સખી—અનંગ ર્‌હારા અંગ અંગમાં જબરો જંગ કરે શરમથી૦
સરલા—શીદ ખીજવો ના લજવાઓ જાઓ જાઓ ઝટરે
સખી—મન્મથ સાથે મળવા માટે ચાલો ચટપટરે શરમથી૦

સમરસિંહ અને સરલા—૬

સરલા—પ્રાણુ સુંદરનર સુદભર વર પામી.
સ્નેહ સરવર છો સ્વામી પ્રાણુ૦
સમર—ન્યારી પ્રેમ કયારી સ્નેહવારિ સીંચાવજો પ્યારી પ્રાણુ.

સરલા—સુકોમળ ક્યારી સીંચોવારી સુખદ રાખું સારી
સમર—પ્યારી મ્હારી થયો અતી આભારી
સરલા—આભારી વીચારી ઉદ્ધારી સંભારી નારી તમારી આ;
લેજોજી સુંદીર સ્વામી. પ્રાણ.

નંદા— ૭ આજે આનંદનો પ્રસંગ રંગ અંગમાં
ભુલીછું ડુલીછું ફુલીછું એક તાનમાં આજે.
ભાન ભુલી મોહે ડુલી છબીલા
આવો તલપુ છું હું પ્રીતમ પ્રાણ
અ વો કન્હ ઇ છુપાઇ રહ્યા શું ?
પૂર્ણ પ્રીતી પાળુ પ્રીતમ પ્રાણ
આવે અલબેલો તો લાવે લાખેણી લ્હાણુ આજે.

નંદા નંદન— ૮
નંદા—શ્યામળા સંગમાં સુ રંગમાંરે
સદા ઝુલીયે રે (૩) રતી રંગમાં
નંદન—અંગના અગમાં ઉમંગમાંરે
રહુ રંગથી રે (૩) પ્રીયા સંગમાં
વીવાહ રૂપાળા, થાશે તો બાળા ?
નંદા—રમશું રસીક રસ રંગમાંરે સદા૦
નંદન—પરણી પ્યારી, પ્રીતિ વધારી
નંદા—ફરશુ થઇ મસ્ત મદન જંગમારે સદા૦
વારાંગનાઓ— ૯
આલી, ઓ આવે, ગાઓ, ધુમ મચાવો આલમગીર વધાવો.
વધાવો આલી આવો, શાહી ગુણ ગાઓ
બલીહારી વારી ઘ ી પ્યારી વારી વરસાવો ઓ૦
તખ્તા તાજે શાન્તી રાજે જીવો બહુ સમ્રાટ

શહેનશાહી શાન્તિહાઇ જગ છવાઇરહો કાયમ શિરતાજ એ૦
આ પ્રસંગે સૌ સંગે ઉમંગે ગુણ ગાવો વિજય જયથાઓ. એ૦

દુર્ગાવતી— ૧૦

મ્હારા જીવન તારા, જીગર પ્યારા બાલુડા
મ્હારૂં બાળ સુકોમળ દીલભર દીલારામ
ભાળું મનહર મુદભર મીઠું મીઠું મુખડું મ્હારા૦
પ્યારૂં ખુલ ખુલ મંજુલ ગુલ સુધાનું ધામ
ન્યાળું રંગભરી ઉમંગ અંગ તુજ ઉજળું—મ્હારા૦

દુર્ગાવતી, દુર્ગાદાસ, સમરસીંહ ૧૧

આજ રાજ કાજ કરશું તન મન ધનથી ભારી
નેક ટેક નિશ્ચય એ સ્વામી ભકિત સારી આજ૦
અસી આ કરમાં ધારી, દેશું અરિ વિદારી
વફાદારી પ્યારી અમારી વીર ખુમારી ન્યારી આજ૦

દુર્ગાદાસ—આત્મજ આ તૈયાર છે આજ્ઞા ધારક આજ
માતપીતા માલીકની સેવા કરવા કાજ

ચંદા, ચંદન— ૧૨

ચંદા-પ્રાણ પ્યારા પધારો રસઘેલા રંગમાં
ચંદન-વ્હાલી વિલાસી ભલી તું વૃક્ષે વળગી વેલ વાહવા
ચંદા-વાહ રસીલા છેલ છબીલા રંગત રસમય રેલ-પ્રાણ૦

ચંદા-ચંદન-વંદન— ૧૩

ચંદા—મ્હારા વાલમ કહોને હવે કયારે મળશું ?
હવે કયારે મળશું, પ્રિતપાન કરશું ?
વંદન—પ્યારી ચંદાના વર બની પરવરશું,
ચંદન—પ્રેમ આપણો આપણને જલદીથીરે મેળવશે

વંદન—વંદન અંદા વેગેથી ઘર તારૂં તો ભેળવશે
ચંદા—એ જાણી પિછાણી રે વાલમને વેગે,
વધાવી લઇશ હું મ્હારા૦

અંક બીજો.

દુર્ગાવતિ— ૧૪
પ્રભુ કયાં શોધું હું ભરથાર
સ્વામી વીણુ સુતો સૌ સંસાર............પ્રભુ૦
બાળકને લઈ ગયા અભાગી
ગયાં સર્વ કો મુજને ત્યાગી
હવે મળે કયાં ભાળ ?
સ્વયંભુ સ્હાય કરો તત્કાળ..........પ્રભુ૦

દુર્ગાવતિ સમરસિંહ ૧૫
દુર્ગાવતિ—ચાલો બંધુ ચાલો સ્વામીનું શંકટ કયારે કપાશેરે
ગૌરવ કયારે ગણાશે ક્ષત્રિનું............ચાલો૦
મળે ભ્રાત કયારે મમ વલ્લભ શોધીશું કયાં જંગલ ઘનમાં
સમર—શાન્તિ ધરતાં ભ્રાન્તી હરતાં
દુઃખદ પંથ દુર થાશેરે....ચાલો
ધરો માત મમ ધીર હ્રદયમાં સ્હાય શ્રીહરી થાશે ક્ષણમાં
સાથે ફરશું, શોધી વળશું
સર્વ કાર્ય સરી જાશે રે........ચાલો૦

દુર્ગાદાસ— ૧૬
પ્રભુ કયારે સફળ થાશે આશા રે પ્રભુ૦
સ્વામી ભકતીની ભવ્ય પ્રતીજ્ઞા
કરો પુર્ણ જગત્રાતારે— પ્રભુ૦

શક્તિ સમર્પિ સહાયક થાઓ
હરો કષ્ટ ભુમાતારે— પ્રભુ૦

સરલા— ૧૭

માતા કર મ્હેર લગાર આ અન્યાય તો થાયે
કન્યાથી કશું નવ કહેવાયે, ઢીકરાં દોરો ત્યાં દોરાયે માતા૦
જયાં દીકરી બહુ દુખણી થાયે
તે ઘર નર્ક સમાન ગણાયે-સુખ જાયે દુઃખ થાયે
દીન બંધુથી તે દંડાયે— માતા૦

નંદા— ૧૭

લટકે; ચટકે, બની કામણગારી નારી સર્વેને મારૂં નયનોનો માર
નૌતમ નખરાં કરનાર
હું મોહક મનહર મદમાતી મલકાતી છું ગુલનાર લટકે૦
નેનકટારી મારીને મારો, નરને કરૂં લાચાર

સખીઓ—શાણી રંગીલી છેલ છબીલી જોજે ન ખાતી હાર

નંદા—છે મ્હારી મનહારી ગતી ન્યારી
જોઇ ભાન ભુલે, પડી મોહ ઝુલે, રૂપ રંગે ડુલે

સખીઓ—કદી તું ન ભુલે—"ના, ના"— લટકે૦

ચંદન, ચંદાનું— ૧૯

ચંદા—ઠગ રૂપ ધરી ઠગનારા, આજ રૂઠયા બધા દીન ત્હારા

ચંદન—પ્રાણ પ્યારો ત્હારો છું હું પ્યારી

ચંદા—દર ઉતારી ત્હારી ખુમારી, પરનારીથી પ્યાર ?

ચંદન—પ્યારી મારો ન માર

ચંદા—ઠાર મારૂં ગમાર તનેઃ વોય વોય— ઠગ૦

ચંદન—હાય નારી નઠારી અકારી, નથી એકે ઉગરવાની બારી

ચંદા—વ્યભિચારે ન સાર ! કરૂં પુરો ખુવાર

મારૂં જુતિથી માર તને વોય 'વોય ઠમ૦

મારૂની પ્રજા અને દુર્ગાદાસ—૨૦

પ્રજા—ધન્ય ધન્ય છે દુર્ગાદાસ આશ છે ત્હારી એક બળવીર
કર્મવીર તે મરૂભુમિનું જાતું રાખ્યું નીર,
મુક્તિ કર ઝટ મારવાડની સત્ય સિંધુ મહાવીર. ધન્ય૦

દુર્ગા—જાઓ સિધાવો સુખે બાંધવો ધરી હૃદયમાં ધીર.
શ્રીવર કરશે સ્હાય સર્વને શરણે રાખો શીર—ધન્ય.

દુર્ગાદાસ— ૨૧

માત ભક્તિ પિતૃ ભક્તિ સત્ય સુખદાઇ.
રાજ્ય ભક્ત ભૂમિ ભકત ધન્ય જગતમાંહી. મા.
ધર્મ કાજ છોડી લાજ થાય દેહ ત્યાગી
જાય સ્વામી ભક્ત એહ સ્વર્ગમાં સુભાગી—મા.
માતૃ રૂણ કાજ કરૂ પૂર્ણ પ્રેમ ધારી
ગીરામાં ગજાવું એક સ્વામી ભકતી સારી—મા.

વંદન, ચંદન, ચંદા—૨૨

વંદન—સોગન લઉં નંદા ચંદાના સોગન લઉં

નંદા ચંદા—સોગન અમારા કેવાં ગણીને ?

વંદન—તમને વહુ દીકરી માનીને, સોગન ખોટા
લઉં જાણીને સોગન

નંદન નંદા—મતિ પિતાની હવે સુધરશે

વંદન—નંદા વંદનને મળી જશે, સોગન લીધેલા
ટળી જશે. સોગન

ચંદ્રિકા— ૨૩

લાગે છે કેવી લાલની લટકાળી છબી
બલિહારી પ્યારા ઓવારૂ હું ધસી ધસી
હૃદયેથી તારી સુરતી જતી નથી ખસી લાગે છે.

દેખું છું દુર્ગાદાસની છબી મન
સુરત દીલારામની દીલ રહી ઠસી.
આવોને આવો આલીંગુ હું હસી, હસી લાગે છે.
અંક ૩ જો.

સરલા અને દુર્ગાવતી— ૨૪

આવોને કરો પ્રભુ વ્હારરે
આ હૈયુ કપાય, સ્વામીની જુદાઈ
સતિયોથી ન સહેવાયે આ.
સતિને છાજે પતિની પુનીત પ્રિતી
કૃષ્ણ કૃપાળુ કર સંકટે સ્હાય આ.

સમર-સરલા ૨૫

સરલા—મળ્યા મોહન સલુણાસાર, જીવન આધાર સુખ ભંડાર
સમર—ખરી તું નાર ખુબીદાર, એવી દીલદાર જીગરના તાર
સરલા—કર્યા ડંકા રૂતુ રાજે. કદી કાન્તાર આ ગાજે
સમર—પીયુના પ્રેમને કાજે વીરહ સાજે પ્રીયા લાજે—મળ્યા.
સરલા—બનાવી વ્હાવરી આજે, મદન મહારાજના રાજે
સમર—છબીલીની છબી છાજે, સલુણી સ્નેહના સાજે—મળ્યા

દુર્ગાદાસ— ૨૬

વીર નર હોય તે તો વિપત્તીથી કદી ન ડરે છે
વીકટ વેરાનને વળી જેલ તે મન મહેલ ગણે છે
નેક ટેકમાં છેક જે સ્વાર્થ પરાયણ થાય
વરે વીજય નહિં તે વળી, પડે પાછા, બાજી હારી જાય.
કીર્તિ ગુમાવ્યાથી મરવું ભલું છે
વીર જીવન અતિ ઉજળું છે, વીકટ

૨૭

નંદા—પ્રીત પ્યાલી પીયો મતવાલી પ્રીયાના હાથની
નંદન—પ્યાલી વ્હાલી ગુલાવાલી, પીતા પ્રગટે છે લાલી
હૃદયના વ્હાલની........પ્રીત૦
નંદા—આવો પ્યારા આવો, રંગત લ્હાવો, રંગ જમાવો
નંદન—પ્રીતપાન કરૂં, રસવાન ઠરૂં
નંદા—પીયુ પરમ સુખદ છો શ્યામ
જપું નીત્ય નામ, જીવન આરામ.........પ્રીત૦

૨૮

અજીત સિંહ દીલીપસીંહ અને ભાગ્યમંગળ
છોડો છોડી સુસ્તી, રમીએ દડા ગેડીની કુસ્તી
અજીત—રમું રમાડું ક્ષત્રી જાયો દઉં દાવ હું ધારી
સર્વ—આવોજી આવોજી રમીએ વાર રમત આ સારી
સરખે સરખા બાળ આપણે રમવા રંગ ઘણેરા
આ ફેંકેલો દડો દોડીને વીર બહાદુરો ઘેરો—આવો૦
દોડો દોડો દડો દોડતાં ઝડપ હાથમાં ઝલો
ચડપ ચુકાવો દાવ ચોટથી ચાલો ચતુરો ચાલો—આવો૦

સરલા, નંદા કાફી ૨૯

ખણી નેણુ માંઠાં હાણે મારેતી
હીની કારણુ વણજે સીકાયતી ખણી
જુલ્ફ જોડે વીધાસીં ઓડે
છોડે છપરતે માંકી મરડે..........ખણી૦
તોજે હુસનજો દીદાર કીયાસીં
હોસ અકલમેં દમ વીયાસીં........ખણી૦
આશક તોસેં એક બાક કીયોસીં
ભાઇ મેહુજા ભાયાંતી............ખણી૦

ચંદા

એ મારો લાડાજી મુંબઈ શેહેરશું આયોજી-જી-જી
એ મારો વાલમજી બાજુબંધ ભેરખી લાયોજી-જી-જી
નણુદી જાયે હાવરે જેઠાણીએ ઝગડો કરાયોજી-જી-જી
હે દેરાણી કેત્રે મને ઘાઘરો ઘુઘરીવાળો અંડે દીલાવોજી-જી
હે શીરદાર થારી મુચ્છો ગદ્ધા પુચ્છો જેડી લાગેજી-જી-જી

નંદન. નંદા, ચદા, ચંદન, વંદન—૩૦

આરે—ભુલી જતા નહી—ના—ના—ના—ના
સાધુ બની ભેખ લજાવતા નહીં....ભુલી.

વંદન—ઈશ્ક નહીં કરવાની હું આજે બાવા રાખું છુ

આરે—સુખે ફરજો ભક્તી કરજો
મોક્ષ મળે અંતે જેથી..........ભુલી૦

વંદન—ગલેમંડી ગોપીપુરા થઇ તાપાં
જઈ માળા જપશું...........ભુલી૰

સર્વે પાત્રો— ૩૧
જય જદુનાથ, જગતાત પ્રભુ
તારણુ તરણુ ભવ ધારણુ ધરણુ વીભુ
ભારત સ્વારથ તાત
કરો પૂર્ણ કૃપાનાથ
અજર અમર હર
અટલ અચલ આપ....................જય૦

શાન્તિ ? **શાન્તિ ??** **શાન્તિ ??**

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોના ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી રોકડી કિંમતે મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ	કિંમત.	ચોપડીનું નામ	કિંમત.
બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૩—૦	માતૃપીતૃ ભક્ત પુંડળીક	૦—૩—૦
શ્રી ભક્તિવિજય	૦—૩—૦	વિશ્વ પ્રેમીકલાપી	૦—૩—૦
સુરેખા હરણ ...	૦—૩—૦	અમર લક્ષ્મી ...	૦—૩—૦
નાગર ભક્ત ...	૦—૩—૦	પીપાભગત ...	૦—૩—૦
નીલમ માણેક ...	૦—૩—૦	હોથલ પદમણી	૦—૩—
યોગકન્યા	૦—૩—૦	જેસલ તોરલ ...	૦—૩—૦
મનહરમેના ...	૦—૩—૦	બીરબલ બાદશાહ	૦—૩
મહાશ્વેતા-કાદમ્બરી	૦—૩—૦	પ્રવિણ સાગર ...	૦—૩
જોહરે શમશીર	૦—૩—૦	રાજ લીલા ...	૦—૩
શ્રી જયમતી ...	૦—૩—૦	મહારાજા શાંતનુ	૦—૩-
ઉર્વશી—પુરૂરવા	૦—૩—૦	માલવિકા-અગ્નિમિત્ર	૦—૩-
		સ્વામીભક્ત સામાન્ત યા વીર દુર્ગાદાસ ...	૦—૩-

વિઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા.

શ્રી વિ. નો. ના. સમાજ.